ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૩૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૬ ટકા

# શહેરમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈનો જન્મદિન ઉજવાયો

## સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૧૭



વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સારા સ્વાસ્થ્ય અને દિર્ઘાયુ માટે યજ્ઞ કરવામાં આવ્યા હતા.

●●●

**કોબા ખાતે પોષણક્ષમ કીટ વિતરણ કાર્યક્રમ**

કોબા ગામ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ઈકોતેરમાં જન્મદિવસ પ્રસંગે ઈકોતેર સગર્ભા બહેનોને પોષણક્ષમ કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે દરેક સગર્ભા બહેનને કીટ વિતરણ કરી અને એક ઉત્તમ કાર્ય ઉપરાંત સમાજ માટે એક ઉદાહરણ પુરું પાડયું હતું. આ રીતે



અનોખા અંદાજમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ ઉજવ્યો હતો.

●●●

**સેકટર-૨૪ ખાતે મહાયજ્ઞ**

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજીત કોચ, ટ્રેનરના સહયોગથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે એક ભવ્ય ૭૧ કુંડીય સામુહિક મહાયજ્ઞ આર્ય સમાજ વાડી સેકટર-૨૪ ખાતે સંપન્ન કરવામાં આવ્યો હતો. આ મહાયજ્ઞ વડાપ્રધાન દિર્ઘાયુ અને સ્વાસ્થ્ય રહે તે માટે ૭૧ સ્થાનમાં ૭૧ કુંડીય મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં યોગ કોચ, ટ્રેનર, સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**વાવોલમાં નવચંડી યજ્ઞ યોજાયો**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧માં જન્મદિન નિમિત્તે તેમના દીર્ઘાયુ અને સ્વાસ્થ્ય સુખાકારી હેતુથી વાવોલ ખાતે મહાકાળી માતાના મંદિરના સાંનિધ્યમાં નવચંડી યજ્ઞનું આયોજન કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં





આવ્યું હતું. જેમાં પ્રેમલસિંહ ગોલ (ભાજપના ઉમેદવાર) ઉપસ્થિત રહ્યા હતા.

●●●

**ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો**

ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સરોજીનીબેન ચૌધરીએ લોકોને ચેકઅપ કરી યોગ્ય દવાઓ આપી હતી તેમજ વેકિસનેશન ડ્રાઈવ પણ યોજાઈ




હતી. જેમાં મોટી સંખ્યામાં રહીશોએ ભાગ લીધો હતો. ગાંધીનગર તાલુકા યુવા મોરચાના કોષાધ્યક્ષ આશિક પટેલે આ સમગ્ર આયોજન કર્યું હતું.

●●●

**ઈન્ફોસિટ ખાતે મારૂતિનંદન ભારત ગેસ એજન્સી દ્વારા વડાપ્રધાનના જન્મદિનની ઉજવણી**

ઈન્ફોસિટી ખાતે મારુતિનંદન ભારત ગેસ એજન્સી દ્વારા વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ઉજજવલા યોજના હેઠળ લાભાર્થી મહિલાઓને વિના મૂલ્યે ગેસ કનેકશન આપવાનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ભાજપના જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ તથા મારૂતિનંદન ગેસ એજન્સીના સંચાલક દર્શનભાઈ રામી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી' ઓનલાઈન હિન્દી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપર્ધા ગ્રુપ એ-૯ થી ૧૫ વર્ષ, ગ્રુપ બી ૧૬ થી ૪૦ વર્ષ, ગ્રુપ સી-૪૧ વર્ષથી વધુ એમ ૩ વિભાગમાં વહેંચાયેલી હતી. આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે ઉદય શુકલા, પિનાકીન વ્યાસ, સુરેશ રત્નોકરએ સેવા બજાવી હતી. દરેક વયજૂથમાંથી ૩ બેસ્ટ સુરીલા સિંગર્સની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગ્રુપ એમાં પ્રથમ ક્રમે કેયુર કલાલ, બીજા ક્રમે હર્દિલ શ્રીમાળી, ત્રીજા ક્રમે પ્રણય પંચાલ તથા ગ્રુપ બીમાં પ્રથમ ક્રમે ભાવિકા પંચાલ, બીજા ક્રમે ભાવિના ગઢવી, ત્રીજા ક્રમે સાનિયા ચૌહાણ અને ગ્રુપ સીમાં પ્રથમ ક્રમે અર્ચના બારોટ, બીજા ક્રમે ધીરજ ચાવડા, ત્રીજા ક્રમે ભરત ઠાકર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શૈલેશ પવારે કર્યું હતું.



ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા દ્વારા વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ના વિદ્યાર્થીઓએ ઓઝોન દિવસનું મહત્વ દર્શાવતા ચિત્રો દોર્યા હતા.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટમાં એઈલમ્ની મીટનું આયોજન



ગાંધીનગર, તા.૧૭

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ લૉના પ્રિન્સિપાલ ભૂમિકા જાની દ્વારા એઈલમ્ની મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા તેમજ સંસ્થાના ડાયરેકટર રવિ કુમારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



રણછોડરાયમાં અપાર શ્રધ્ધા ધરાવતા સેકટર-૨ ૩ના ઈલાબેન નાયક દર અગિયારસે સે-૧ના રણછોડરાય મંદિરે ચાલતા જાય છે. છેલ્લા ૩૦ વર્ષથી તેઓ દર અગિયારસે અચૂક રણછોડરાય મંદિરે ચાલતા જાય છે તેમાં તે જરાય ચૂક કરતા નથી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. માયાબેન જયેન્દ્રભાઈ ઠકકર, ઉ.વ. ૬૮, ગાંધીનગર
- સ્વ. વાઘેલા અનુજી શિવાજી, ઉ.વ. ૬૮, પીંડારડા, ગાંધીનગર
- સ્વ. વરવાભાઈ મોતીભાઈ ચૌધરી, ઉ.વ. ૭૬, ગાંધીનગર
- સ્વ. કાન્તીભાઈ રામજીભાઈ દરજી, ઉ.વ. ૭૧, ગાંધીનગર
- સ્વ. ઠાકોર લભણજી જેહાજી, ઉ.વ. ૬૫, તા. માણસા, ચાંદીસણા

## કોંગ્રેસ ઉમેદવારો દ્વારા વોર્ડ નં. ૫ માં ચૂંટણી પ્રચાર



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી નિમિત્તે કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારોએ વોર્ડ નં. ૫ની ડોર ટુ ડોર મુલાકાત લીધી હતી. જેમાં સેકટર-૨૨ની આનંદવાટિકા સોસાયટીની મુલાકાત ગઈકાલે કરવામાં આવી હતી. વોર્ડના ઉમેદવારો ગોહિલ બ્રિજરાજસિંહ, પટેલ અરવિંદભાઈ પરષોત્તમભાઈ, પુરોહિત વૃંદાકુમારી અખિલેશભાઈ, પરમાર હેમલત્તાબેન કૈલાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

## એસ.એસ.વી. શાળામાં નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર વોર્ડ નં-૯ના ભાજપના ઉમેદવારો તરફથી એસ.એસ.વી શાળામાં એપોલો હોસ્પીટલના સહયોગથી સર્વરોગો માટેના નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાંતના, આંખના, કિડની, ગાયનેક, ડાયાબિટિશ, જનરલ ફિજિશિયન, સર્જન તેમજ નાડીને લગતાં રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી ગોરધનભાઈ ઝડફિયા(ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ-ભાજપ), અમીતભાઈ ઠાકર(ગાંધીનગર મ્યુનીસીપલ કોર્પોરેશનના ચુંટણી ઈન્ચાર્જ), રુચિરભાઈ ભટ્ટ (ગાંધીનગર ભાજપના પ્રમુખ), આશિષભાઈ દવે-પૂર્વ કોર્પોરેટર અને શાળાના સંચાલક શ્રી સંજયભાઈ પટેલ તથા મનિષભાઈ પટેલ હાજર રહ્યા હતા.આ નિઃશુલ્ક નિદાન કેમ્પનો સેક્ટર-૩ તથા આજુબાજુના રહિશોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ



અર્બન ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે અર્બન ગેમ્સ ફેડરેશન દ્વારા સબ જુનિયર, જુનિયર અને સિનિયર નેશનલ માટે કબડી, વોલીબોલ, નેટબોલ, પ્રો બોલ, બેડમિંટન જેવી રમતો યોજાઈ હતી. જેમાં પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાંથી કબડીની રમતમાં ૪ ખેલાડી બહેનો ભારતી ચૌધરી, દક્ષા ચૌધરી, વર્ષા ચૌધરી, મમતા ચૌધરી ઉપરાંત વોલીબોલની રમતમાં ૩ ખેલાડી હેતલ ચૌધરી, પાયલ ચૌધરી, રીયા ચૌધરીની ગુજરાત રાજયની સિનિયર નેશનલની ટીમમાં પસંદગી થઈ હતી. જે તા. ૧૦થી ૧૨ના રોજ નેશનલ અર્બન ગેમ્સ ગોવા ખાતે યોજાઈ હતી. જેમાં આ બંને રમતમાં ગોલ્ડ મેડલ મેળવીને ગાંધીનગર જિલ્લાનું અને કોલેજનું ગૌરવ વધાર્યુ છે. સર્વે બહેનોને અખિલ આંજણા કેળવણી મંડળ પ્રમુખ હરિભાઈ વી. ચૌધરી તથા ટ્રસ્ટી મંડળના સર્વે હોદેદારો, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી, અધ્યાપક વિનોદ ચૌધરી અને સ્ટાફગણે અભિનંદન પાઠવ્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા 'ભારતીય મનોવિજ્ઞાન'નો અભ્યાસક્રમ દાખલ

ગાંધીનગર, તા.૧૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગની અભ્યાસ સમિતિએ બાળમનોવિજ્ઞાનમાં અનુસ્નાતક (એમ.એ.)ના કાર્યક્રમમાં એક પેપર તરીકે 'ભારતીય મનોવિજ્ઞાન'ના અભ્યાસક્રમને તાજેતરમાં મંજૂરી આપી છે. યુનિવર્સિટીની શૈક્ષણિક ફિલસૂફીને અનુરૂપ અને એકટની જોગવાઈઓ પ્રમાણે ભારતીય મનોવિજ્ઞાનની વિભાવના, સ્વરૂપ અને પદ્ધતિઓને સાંકળતો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ચિત્ત અને ચિત્તનું બંધારણ, ઈચ્છાશકિત અને વ્યકિતત્વ તથા અજ્ઞાન, સુખ-દુઃખને સમજાવતા જીવનદર્શનને વણી લેવામાં આવ્યું છે. અભ્યાસક્રમનો મુખ્ય હેતુ આધુનિક મનોવિજ્ઞાનને સમાંતર વિદ્યાર્થીઓ ભારતીય દર્શન અને ફિલસૂફીમાં પડેલા મનોવિજ્ઞાનના સંદર્ભોને પણ સમજે તે અંગેનો છે. યુનિવર્સિટીના દાર્શનિક કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના માર્ગદર્શન અને પ્રેરણાથી મનોવિજ્ઞાન વિભાગની અભ્યાસ સમિતિના સભ્ય શ્રી પ્રો. બી.ડી. ઢીલા, ડૉ. યોગેશ જોગસણ (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી), ડૉ. અશોક પ્રજાપતિ અને ડૉ. અંજના ચૌહાણ દ્વારા વિશદ ચર્ચાને અંતે અભ્યાસક્રમને ચાલુ સત્રથી જ અમલમાં આવે તે રીતે સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે.

## આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં ઓઝોન દિનની ઉજવણી




ગાંધીનગર, તા.૧૭

આર.જી. પટેલ ગર્લ્સ સેકન્ડરી સ્કૂલ તથા અટલ ટિન્કરીંગ લેબ અને સાયન્સ કલબના સંયુકત ઉપક્રમે શાળામાં વિશ્વ ઓઝોન દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની પ્રાર્થના સભામાં ગિતેશભાઈ પટેલે (આચાર્ય) દ્વારા પૃથ્વીના વિવિધ આવરણો પૈકી સમતાપ આવરણ અને તેની અસરો તથા ઓડીએસ વગેરે વિશે મહિતી આપી હતી. નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના ડાયરેકટર અનિલભાઈ પટેલ, હેમંતભાઈ સુથાર (રિટાયર્ડ ડેપ્યુટી કન્ઝર્વેટર, ફોરેસ્ટ વિભાગ), ભરતભાઈ પ્રજાપતિ (સિની. સાયન્ટીસ્ટ, જીપીસીબી) તથા જીપીસીબીની એન્જીનીયર બહેનોએ હાજર રહી વિસ્તૃત જાણકારી આપી હતી. જેમાં ૫૦ વિદ્યાર્થીનીઓએ તથા વિજ્ઞાન શિક્ષકોએ પ્રોગ્રામ માણ્યો હતો. ઉપરાંત ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કર્યું હતું.

## ભારતીય જનતા પાર્ટીની વોર્ડ ૯ મહિલા મોરચાની નવ નિયુકત ટીમ

ગાંધીનગર, તા.૧૭

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ તેમજ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા ડૉ. દીપિકાબેન સરડવાના માર્ગદર્શન હેઠળ મહાનગર ભાજપા મહિલા મોરચાના અધ્યક્ષા પ્રિયા પટેલ દ્વારા વોર્ડ નં.૯ના મહિલા મોરચામાં વિવિધ જવાબદારીઓ માટે સંગઠનાત્મક નિયુકિત કરવામાં આવી છે. જેમાં પ્રમુખ શ્રધ્ધાબેન શાહ, ઉપપ્રમુખ જીજ્ઞાષાબેન પ્રજાપતિ, નિરાલીબેન ઠાકોર, મહામંત્રી ધર્મિષ્ઠાબેન પટેલ, મંત્રી પદે શ્રેયાબેન શેઠ, જયશ્રીબેન સોલંકી, ધારાબેન પટેલ, ભૂમિબેન શાહ અને કોષાધ્યક્ષ તરીકે દર્શનાબેન બેંકરની નિયુકિત થઈ છે.

## મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે યોગ શિબિર કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૭

મહામા ગાંધી વિદ્યામંદિરમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તરફથી યોગ જાગૃતિ શિબિર કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિષ્ણાબા વાઘેલા તથા મહેન્દ્રભાઈ મિસ્ત્રી દ્વારા તેનું જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૫૦ વિદ્યાર્થીઓ તથા શાળાના સમગ્ર સ્ટાફે ભાગ લીધો હતો. શાળાના આચાર્યએ ભાવપૂર્વક સાથ અને સહકાર આપ્યો હતો.

## સમર્પણ પબ્લિક સ્કૂલનું ગૌરવ શ્લોક ચૌહાણ




ગાંધીનગર, તા.૧૭

સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટર:૨૮ ખાતે અભ્યાસ કરતો વિદ્યાર્થી શ્લોક ચૌહાણ જે ધોરણ:૧૧ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરે છે તે શાળા તરફથી કિક બોક્સિંગ રમત નેશન અર્બન ગેમ્સમાં સિલેકટ થયો હતો. જેની રમત ગોવા ખાતે તા:૧૧/૦૯/૨૦૨૧ ના રોજ યોજાઈ હતી અને તેણે સિલ્વર મેડલ જીતીને શાળાનું નામ રોશન કર્યુ છે. શાળાના મેનેજિંગ ડાયરેકટ મહેંન્દ્રસિંહ વાઘેલા અને આચાર્ય પાયલ આચાર્ય, એડમિનિસ્ટ્રેટર હેડ હિતુ ઠાકર અને બધા શિક્ષકો તરફથી ભેટ આપીને વિદ્યાર્થીનો ઉત્સાહ વધાર્યો હતો.

## જન્મદિને વધામણી




પુનિત ગિરીશચંદ્ર જાટકીયા
અરિહંત ક્રિએશન, સે-૨૧
મો. ૯૮૨૪ ૦ ૦૩૩૪૧



કાનન ઓઝા
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



પ્રાચી પી શાહ



ધ્યાનમ અભિષેક ભટ્ટ
મો. ૯૪૨૯૦ ૨૧૯૦૩



દિશા પટેલ



રાજવીરસિંહ ખાચાર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



મહિપતસિંહ ગોહિલ
એન્જિનિયર, સિંચાઈ વિભાગ



ધ્યાના મણિયાર



રૂહિ સોલંકી